PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૫/કવા–૦૧/૧૮–૧૯/ 5726-4 [illegible]

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રાકેશભાઈ છગનલાલ ચૌહાણ,
શીવ વુડન વર્કસ, લક્ષ્મીનગર મેઈન રોડ,
શેરી નં.–૬–બી, ૪૭ નં.ની સ્કુલ ની પાછળ
વાળંદ સમાજ વાળી શેરી
ગાયત્રી ડેરીની સામે,
રાજકોટ
મો.૯૯૦૯૮૩૫૦૫૭

**વિષય :–ટેમ્પરરી રીફંડ ના ચેક બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૨–૦૬–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૫/કવા–૦૧/૧૮–૧૯)**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામાઃ ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ સદર હુકમ નાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, નાના મૌવા રોડ, પેટા વિભાગીય કચેરી રાજકોટ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૬૫/૬વા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૨૯–૦૬–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: રાકેશભાઈ છગનલાલ ચૌહાણ, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.

**વિરૂધ્ધ**

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : નાના મૌવા રોડ, પેટા વિભાગીય કચેરી રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

## : હુકમ :

ફરીયાદ : ટેમ્પરરી વીજજોડાણ નુ રીફંડ મેળવવા બાબત

**મુદ્દા નં.–૧ :** પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ તા.૨૪–૦૧–૧૮ ના રોજ ટેમ્પરરી રીફંડ ની અરજી કરેલ હોવા છતા – આજદિન સુધી ટેમ્પરરી રીફંડ નો ચેક આવેલ નથી આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે |

**મુદ્દા નં.–૨ :** પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર ને તેમના ટેમ્પરરી વીજજોડાણ ના ડીપોઝીટ રીફંડ નો ચેક નંબર-૩૪૪૩૯૨ થી રૂ.૧૮૯૧૬.૦૦ તા. ૨૫.૦૬.૧૮ ના રોજ થી ઇસ્યુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ થયેલ હોય, તે મદ્દલ અરજદારે તા.૨૬–૦૬–૧૮ ના લેખીત સંમતીપત્ર મા સહી કરી આપેલ છે. |

**મુદ્દા નં.–૩ :** **નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે, આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયલ નિષ્કર્ષ ના મુદ્દા ન. ૩.૧ મુજબ ની વિગતે – અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી અરજદાર ના તા.૨૬–૦૬–૧૮ ના લેખીત સંમતીપત્ર હેઠળ નિરાકરણ થયેલ છે, જે બાબતેની બન્ને પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે |

(શ્રીમતી કે.જે.મોઢાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટે)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સમત ન હોય તો, આપશ્રી તરફથી સદર નિર્ણય ની નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાકીય બાબત સબંધક હોય તો, સદર રકમ ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.